**ગુ.મુ.નં. ૧૦૭/૨૦૨૧**

**<u>આંક– ૫ ની અરજી લગત હુકમ</u>**

હાલની અરજી આરોપી તરફે રજુ કરેલ છે. જેની હકીકત એવી છે કે , સદર કામના આરોપીઓ વિરુધ્ધ વારસીયા પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા બી.એસ.જાડેજા નાઓએ ગુ.ર.નં. ૧૧૧૯૬૦૩૮૨૦૦૭૬૭/૨૦૨૦ થી ઈ.પી.કો. કલમ ૩૩૨,૧૮૬,૧૧૪ મુજબ ફરીયાદ ગુજારેલ. જે ફરીયાદના કામે આરોપીઓને અટક કરી ના. કોર્ટ સમક્ષ રજુ કરતા આરોપીઓને જામીન મુકત કરવા હુકમ કરેલ. ત્યારબાદ ત.ક.અમલદાર દવારા સદરહુ ગુનાની સંપુર્ણ તપાસ પુર્ણ કરી તપાસનો અહેવાલ એટલે કે ચાર્જશીટ આપ ના. કોર્ટ સમક્ષ તા. ૦૧/૦૧/૨૦૨૧ ના રોજ રજુ કરેલ છે. જે ગુ.મુ.નં. ૧૦૭/૨૦૨૧ થી નોંધાયેલ છે. સદર કામે આરોપીઓને આપ ના. કોર્ટ દવારા સમન્સ કાઢવામાં આવેલ જે સમન્સ ની આરોપીઓને બજવણી થતા આપ ના. કોર્ટ સમક્ષ હાજર થયેલ અને પોતાના બચાવ માટે અમો વકીલશ્રી ની નીમણુક કરવામાં આવેલ છે. સદર ગુનાના કામે આરોપીઓ ડીસ્ચાર્જ કરવા માટે હાલની અરજ ગુજારેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

ફરીયાદી શ્રી બી.એસ.જાડેજા નાએ વારસીયા પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુધ્ધ જે ફરીયાદ આપેલ તે ફરીયાદ જોતા ફરીયાદી પોતે એક સરકારી કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આક્ષેપીત બનાવ બનવા પામેલ હોવાના આક્ષેપ કરેલ છે. ક્રિ.પ્રોકોડ ની કલમ ૧૯૫ માં કરેલ જોગવાઈ જોતા જે કોઈ વ્યકતી સરકારી કર્મચારી હોય અથવા તેના તાબા હેઠળ નોકરી કરતી હોય ત્યારે કોઈપણ ગુનાહીત કૃત્ય સંબંધીત ફરીયાદ કરવાનો પ્રસંગ ઉપસ્થીત થાય ત્યારે તેવી ફરીયાદ ના. કોર્ટ સમક્ષ લેખીતમાં કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સદર ગુનાના કામે ફરીયાદીશ્રી દવારા આપવામાં આવેલ ફરીયાદ જોતા વારસીયા પોલીસ સ્ટેશનમાં ક્રિ.પ્રોકોડ ની કલમ ૧૫૪ મુજબ હાલની ફરીયાદ આપેલ છે. જેથી ફરીયાદી એ આપેલ ફરીયાદ ફોજદારી કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો વિરુધ્ધની હોય અને ક્રિ.પ્રો. કોડ ની કલમ ૧૯૫ નો બાધ નડે છે. જે સંજોગોમાં આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો પ્રશ્ન ઉપસ્થીત થાય તો તે ફોજદારી કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો વિરુધ્ધ મનાય અને ભવિષ્યમાં પણ સદરહુ કેસનો ગુણદોષ ઉપર કોઈ નિકાલ આવી શકે તેમ નથી.

ફરીયાદ માં કરેલ આક્ષેપ મુજબ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ ૩૩૨,૧૮૬,૧૧ ૪ મુજબના આક્ષેપો કરવામાં આવેલ છે. જે સંજોગોમાં આક્ષેપીત બનાવ સુબુધીત ગુનાન ત્તવ નુ મુલ્યાંકન કરવામાં આવે તો સદરહુ બનાવ એક સમયે એક જ સ્થળે ગુનાહીત કૃત્ય થયેલ હોવાના આક્ષેપ કરવામાં આવેલ છે એટલે કે ઈ.પી.કો કલમ ૧૮૬ મુજબનો બનાવ બનેલ હોવાનો આક્ષેપ

છે તેની સાથે જ ઈ.પી.કોડ ની કલમ ૩૩૨,૧૧૪ નો બનાવ સુકળાયેલ છે અને બંને કલમો હેઠળના ગુનાઓ એકબીજાથી અલગ પાડી શકાય તેમ નથી. ઈ.પી.કોડ ની કલમ ૧૮૬ મુજબ ની ફરીયાદ કરવા માટે ક્રિ.પ્રોકોડ ની કલમ ૧૯૫ નો જે બાધ નડે છે તે બાદ અન્ય કલમો એટલ ે કે ઈ.પી.કોડ ની કલમ ૩૩૨ ને પણ સ્પષ્ટ અને સીધી રીતે લાગુ પડે છે. હાલની ફરીયાદ ના કામે ક્રિ.પ્રોકોડ ની કલમ ૧૮૬ ના ગુનાને અન્ય ગુનાથી અલગ પાડી શકાય તેમ નથી જેથી ભવિષ્યમાં સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાથી સદરહુ કેસનો ગુણદોષ ઉપર કોઈ નિકાલ આવી શકે તેમ નથી. સદરહુ કેસ ને ક્રિ.પ્રોકોડ ની કલમ ૧૯૫ નો સ્પષ્ટ રીતે બાધ નડતો હોય જે સંજોગોમાં ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો માત્ર ઈન્સાફી કાર્યવાહી ચલાવવાના ભાગ રૂપે ના. કોર્ટ નો ઘણો બધો સમય વ્યર્થ થનાર ગણાશે અને ખર્ચાળ બનશે. તેમજ ક્રિ.પ્રોકોડ ની કલમ ૧૯૫ નો બાધ નડતો હોવાથી લાંબા સમય અને વર્ષો સુધી ચાલનારી ઈન્સાફી કાર્યવાહી ના કારણે આરોપીઓને હેરાનગતી અને પરેશાનીનો ભોગ બનવુ પડે તેમ હોય , જે સંજોગોમા હાલની ડીસ્ચાર્જ અરજી મંજુર કરવા હુકમ કરવા વિનંતી છે.

આરોપી પક્ષ હાલની અરજી પ્રંમાણે પોતાની દલીલો કરી હાલની અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે. જયારે સરકાર તરફે વિ.એપીપીશ્રી નાઓએ હાલની અરજી સંદર્ભે એવી દલીલ કરેલ છે કે આ ગુનાના કામે જે કલમ ૧૮૬ લગાવવામાં આવેલ છે તે કલમ અનવયે સીઆરપીસી ની કલમ ૧૯૫ નો બાધ નડે છે જેથી આ ગુનાના કામે જે કલમ ૧૮૬ દાખલ કરવામાં આવેલ છે તેને ક્રિ.પ્રોકોડ ની કલમ ૧૯૫ નો બાધ નડતો હોય જેથી ઈ.પી.કો. કલમ ૧ ૮૬ પુરતુ આરોપીને તેમાથી ડીસ્ચાર્જ કરવા સામે વાંધો ન હોય તે અંગેની રજુઆત કરેલ છે. જયારે આ ગુનાના કામે બીજી કલમો જેમ કે ૩૩૨ ,૧૧૪ ને કોઈ પણ કાયદા નો બાધ નડતો ન હોય જેથી ઈપીકો કલમ ૧૮૬ સીવાય તમામ ગુના અન્વયે આરોપીને ડીસ્ચાર્જ કરી શકાય નહી.

આ કામે નિર્વીવાદીત હકીકત એવી છે કે હાલની ફરીયાદ તે કમ્પ્લેન્ટ કેસ નથી. તેમજ હાલની ફરીયાદ સીઆરપીસી ની કલમ ૧૫૪ મુજબ ફરીયાદ દાખલ થયેલ છે. આરોપી પક્ષે પોતાની અરજી ના સમર્થનમાં એવી દલીલ કરેલ છે કે આ ગુનાના કામે આરોપી સામે ૩૩૨,૧ ૮૬ ,૧૧૪ મુજબનો આક્ષેપીત ગુનો હોય તેમજ તેમાથી ઈપીકો કલમ ૧૮૬ નાઓને સ્પષ્ટ પણે સીઆરપીસી ની કલમ ૧૯૫ નો બાધ નડતો હોય તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ નો ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાણી વિ. સ્ટટ ઓફ ગુજરાત ના ચુકાદા ના ધ્યાને લઈ હાલનો ગુનો ઈપીકો કલમ ૩૩૨ ,૧૧૪ નાઓને ૧૮૬ સાથે લગાવવામાં આવેલ છે જેથી આ તબકકે આ તમામ ગુનાઓને એકબીજાથી છુટા પાડી શકાય નહી જેથી ઉપરોકત

ચુકાદામાના સિધ્ધાંતો ધ્યાને લઈ ડીસ્ચાર્જ કરવા જઈએ તે અંગેનો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલા ની રજુઆત કરી હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

આરોપીની ઉપરોકત રજુઆત ને ધ્યાને લઈએ તો આ ગુનાના કામે આરોપી સામે જે કમ્પ્લેન્ટ કેસ ન હોય તે સ્પષ્ટ જણાઈ આવે છે જેથી આક્ષેપીત ગુનો ઈપીકો કલમ ૧૮૬ તેને સીઆરપીસી ની કલમ ૧૯૫ નો સ્પષ્ટ પણે બાધ આવતો હોય તેવુ જણાઈ આવે છે. વધુમા આરશોપી પક્ષે નામ. ગુજરાત હાઈકોર્ટ નુ ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાણી વિ. સ્ટટ ઓફ ગુજરાત ના ચુકાદા પર આધાર રાખે છે. જેના પેરા નં. ૩૯ માં નીચે મુજબના શબ્દોમાં સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામા આવેલ છે.

> 39 it is true that section 195 of the Code does not bar the trial of an accused for a distinct offence disclosed by the same set of facts and is not so stated therein. Section 195 also does not provide further that if in the course of the commission of that offence , the other distinct offences are committed , the court concerned is debarred from taking cognizance in respect of those offences as well.However , if the persual of the first information report and other papers of the chargesheet makes it clear that the offence under sections 186 or 188 of the IPC, as the case may be , is closely interconnected with the other distinct offences and cannot be split up , then , in such circumstances, the bar of section 195 of the Cr.p.c.will apply to such other distinct offences also.

આમ ઉપરોકત ચુકાદામાં સિધ્ધ્ધાંતો ઉપરથી પ્રસ્થાપીત થાય છે કે ઈપીકો કલમ ૧૮૬ ને સીઆરપીસી ની કલમ ૧૯૫ નો બાધ નડે છે તેમજ જો કોઈ અન્ય ગુના ૧૮૬ થી છુટા પાડી શકાય ન હોય તેવા કીસ્સામાં પણ સીઆરપીસી ની કલમ ૧૯૫ લાગુ પડે છે.

વધુમાં સરકાર તર્ફે એપીપીશ્રી એ **નામ. સુપીમ કોર્ટ નુ પંકજ અગ્રવાલ એન્ડ અધર્સ વિ. સ્ટેટ ઓફ દીલ્હી એન્ડ અધર્સ કે.જે. (૨૦૦૧)૬ સુપ્રીમ ૫૯૧** ના ચુકાદા ઉપર આધાર રાખી એવી રજુઆત કરેલ છે કે જયારે ઈપીકો કલમ ૧૮૬ ના ગુનો હોય અને તેની સાથે અન્ય ગુનાઓ

પણ લાગુ કરવામા આવેલ હોય તેવા કીસ્સામાં માત્ર ઈપીકો કલમ ૧૮૬ પુરતુ સીઆરપીસી ની કલમ ૧૯૫ નો બાધ આવે છે તેમજ તેની સાથેના અન્ય બીજા ગુનાઓને સીઆરપીસી ની કલમ ૧૯૫ નો બાધ નડતો નથી.

આમ, ફરીયાદ પક્ષે રજુ કરેલ ઉપરોકત ચુકાદામાના સિધ્ધાંતો ધ્યાને લઈએતો આ ગુનાના કામે આરોપી સામે આક્ષેપીત ગુનો ઈપીકો કલમ ૧૮૬ ને સ્પષ્ટ પણે સીઆરપીસી કલમ ૧૯૫ નો બાધ નડે છે. પરંતુ આ ગુનાના કામે આરોપી સામે બીજા આક્ષેપીત ગુના ઈપીકો કલમ ૩૩૨ ,૧૧૪ નો ગુના અંગેનો આક્ષેપ કરવામા આવેલ હોય તેને ઉપરોકત ચુકાદામાના સિધ્ધાંતો ધ્યાને રાખી આરોપી સામે ઈપીકો કલમ ૩૩૨ ,૧૧૪ મુજબના ગુનાને સીઆરપીસી ની કલમ ૧૯૫ નો બાધ નડતો નથી. જેથી ન્યાય ના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**હુકમ**

હાલની અરજી અંશત: મંજુર કરવામા આવે છે.

આરોપી સામે મુકવામા આવેલ ઈપીકો કલમ ૧૮૬ ના તહોમતમાંથી ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા. ૧૧/૧૦/૨૦૨૩
વડોદરા

**( કે.એમ.આહીર)**
**૨૨માં એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ**
**વડોદરા**
**કોડ નં.જીજે ૦૧૪૯૦**